ક્રીમી. કેસ નં.૧૪૩૩૨/૧૯

## આંક–૧ હેઠળ હુકમ

કેસની હકીકત ધ્યાને લીધી. પ્લી બાર્ગેનીંગ સબબ પક્ષકારોને નોટીસ કાઢેલ હતી, હાલના કામે આરોપી હાજર, તેના વિ.વ.શ્રી અને ફરીયાદી હાજર. પક્ષકારોને સમાધાન અને પ્લી બાર્ગેનીંગ બાબતે પુછતા, તેઓએ વાતચીત કરી, તેઓ વચ્ચે સમાધાન થયેલ છે તેવુ જાહેર કરેલ છે, જેથી આરોપીએ પ્લી બાર્ગેનીંગની ના પાડેલ છે. ફરીયાદીએ હાજર થઇ જણાવેલ છે કે તેમને ચોરાયેલ મુદામાલ મળી ગયેલ છે.જેથી તેઓ કેસ ચલાવવા માંગાત નથી. જે બદલની પુરસીસ આપેલ છે. જે પુરસીસ દાબ દબાણ વિના સ્વેચ્છા આપેલાનુ જણાવતા પુરસીસ કામમાં દાખલ કરેલ છે. ક્રીમી. પ્રોસી. કોડની કલમ–320(1) મુજબ ઇ.પી.કોડની કલમ–૩૭૯ સમાધાન લાયક ગુનો છે અને ફકત ભોગ બનનાર હાજર છે. આરોપી હાજર નથી. તેવા સંજોગોમાં NAVNITBHAI RATIBHAI ADHYARU & 1.... Vs STATE OF GUJARAT, SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) NO. 407 of 2018 Date:18/01/2018 મા ના. ગુજરાત હાઇકોર્ટ ઠરાવેલ છે કે 31. I shall now attempt to narrate my conclusions. They are:

(1) Composition under Section 320, Cr. P. C. is a unilateral act.
(2) The victim (person shown in column 3 of Section 320(1) and 320(2)) can himself make an application for composition.
(3) It is not necessary for the Court to insist on a joint application for composition. The victim can of course make a joint application along with the accused.
(4) It is not necessary for the Court to insist on the personal appearance of the accused before Court to consider an application for composition under Section 320, Cr. P.C.
(5) The mere fact that the Court has already issued a nonbailable warrant against the accused and that is pending is no reason for the Court not to proceed further with the case. All steps for which personal presence of the accused is not necessary can be continued even if the nonbailable warrant remains unexecuted and the accused has not personally appeared.

[See:Y. P. Baiju vs State Of Kerala And Ors.; 2008 CriLJ 928]

આમ સદર ચુકાદામાં ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને રાખતા ક્રીમી. પ્રોસી. કોડ ક.૩૨૦(૧) મુજબની કાર્યવાહી એક તર્ફી છે, જે ફરીયાદી/ભોગબનનાર એકલા પણ કરી શકે છે. તેમા આરોપીની હાજરીની જરૂર નથી. હાલના કામે ફરીયાદીનુ ચોરી થયેલ લેપટોપ ફરીયાદીને મળી ગયેલ છે. ફરીયાદી પોતે ભોગબનનાર છે. માલીક પણ છે. તેઓ પુરસીસ આપી જાહેર કરેલ છે

કે તેઓ ગુનો માંડવાળ કરે છે અને હાલનો કેસ આગળ ચલાવવો નથી. પુરસીસ તેઓને વાંચી, સંભળાવતા પુરસીસ સ્વૈચ્છીક રીતે, કોઇ પણ ધાકધમકી, દાબ દબાણ વિના આપેલ હોવાનુ તથા સમજી, વિચારી આપેલ હોવાનુ જણાવે છે તેમજ પુરસીસ કબુલ અને મંજુર હોવાનુ જણાવે છે. જે હકીકત, પુરસીસ, ચુકાદો તથા ફરીયાદીની રજુઆત ધ્યાને રાખતા હાલનો કેસ માંડવાળથી ફેસલ કરવુ વ્યાજબી જણાય છે. જેથી આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૭૯ મુજબના ગુનાના તહોમતમાંથી ક્રીમી. પ્રોસી. કોડની કલમ ૩૨૦(૧)(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન બાબતે થયેલલ વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩/૫/૨૦૨૩ના રોજ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ–૧૩/૫/૨૦૨૩
સ્થળ –રાજકોટ

લોક અદાલત અધીકારી
રાજકોટ